વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

**વર્ષ ૨૦૨૧ દરમ્યાન મંજૂર થયેલ ખેડૂતોપયોગી સંશોધન ભલામણો મોકલવા બાબત...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાતી ભાષામાં "ખેડૂતોપયોગી સંશોધન ભલામણો–૨૦૨૧" પુસ્તિકાનું પ્રકાશન કરવાનું થાય છે. આ માટે વર્ષ, ૨૦૨૧ દરમ્યાન ૧૭મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગમાં મંજૂર થયેલ ખેડૂતોપયોગી સંશોધન ભલામણોની વિગત નીચે દર્શાવેલ નમૂના મુજબના ફોર્મેટમાં મોકલી આપવાની રહેશે. ભલામણોનું લખાણ ભાષાકીય રીતે શુધ્ધ અને તાંત્રિક રીતે ક્ષતિ રહિત હોવાની ખાત્રી કરીને પછી જ મોકલવું. આ લખાણ ગુજરાતી ભાષા (Shruti, Font size-12, word file)માં તૈયાર કરીને અત્રેની કચેરીના ઈ–મેઈલ **tvs@nau.in** પર **તા.૨૨/૦૯/૨૦૨૧** સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

**નમૂનો દા.ત.**

**ભલામણનુ શિર્ષકઃ સંસાધનોની જાળવણી અને હવામાન બદલાવ માટે પાક પધ્ધતિ વ્યવસ્થાપન**

**ભલામણની વિગતઃ**

દક્ષિણ ગુજરાતના ભારે વરસાદવાળા વિસ્તાર (ખેત આબોહવાકીય પરિસ્થિતિ–૩)ના ખેડૂતોને હેકટરે વધુ ડાંગર સમકક્ષ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે પરંપરાગત ખેડ કરી જે તે પાકની ખાતરની ભલામણ કરતા ૨૫ ટકા વધારે રાસાયણિક ખાતર અને પાક અવશેષને જમીન સાથે ભેળવ્યા સિવાય ડાંગર–જુવાર–મગ પાક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.



ડાંગર પછી જુવારનો પાક

[ભલામણ વર્ષઃ ૨૦૨૧, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ., નવસારી]

આ પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં..નકૃયુ/વિશિનિ/ડી.૧/૨૯૨૮/૨૦૨૧.
નવસારી. તારીખઃ ૧૮/૦૯/૨૦૨૧.

**નકલ સવિનય રવાનાઃ–**

અત્રેની યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાશ્રી તેમજ સંશોધન એકમના વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય થવા સારું.